# પ્રેસનોટ

**<u>સાઉથ ઝોન-બી(કનકપુર) માં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૨૪ના રોજ જર્જરીત/ બિસ્માર મિલકતને સીલ કરવા બાબતની વિગત:-</u>**

સાઉથ ઝોન-બી(કનકપુર)ના ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી અને ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૨૪ ના રોજ મિલકતને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

(૧) સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ વિસ્તાર ટી.પી.સ્કીમ નં. ૩૪ (પાલી-સચીન-કનસાડ) બ્લોક નં. ૨૩૭, ફા. પ્લોટ નં. ૧૩૫, બિલ્ડીંગ નં. એ/૧, એ/૨ તથા બી/૧, બી/૨ સાંઈકૃપા સોસાયટી-૧, માધવ રેસીડેન્સી, પાલી, સુરત વાળી મિલકત જર્જરીત/બિસ્માર અવસ્થામાં હોવાનું જણાતા અત્રેથી તા.૦૩/૦૬/૨૦૨૨ થી ધી.જી.પી.એમ.સી.એકટ ની કલમ-૨૬૪ મુજબની મકાન રીપેર કરવા તેમજ રીપેર થયા બાદ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેનું સર્ટીફિકિટ રજુ કરવા નોટીસ પાઠવવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ પાણી કનેકશન તથા તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ ગટર કનેકશન કાપી નાંખવામાં આવેલ. સદર મિલ્કતના મિલકતદાર ધ્વારા મકાન રીપેર ન કરાતા અત્રેથી ફરી તા.૦૧/૦૭/૨૦૨૩ થી રીમાઈન્ડર નોટીસ પાઠવવામાં આવેલ. પરંતુ મિલકતદારો ધ્વારા તેનું રીપેરીંગ/મરામત ન કરવામાં આવતા, સદરહું મિલકત વધુ જર્જરીત/બિસ્માર થઈ જતા ધી.જી.પી.એમ.સી.એકટ ની કલમ-૨૬૮ મુજબ તા.૦૮/૦૭/૨૦૨૪ થી નોટીસ પાઠવી વસવાટ ખાલી કરવાનો હુકમ કરવામાં આવેલ. સદર મિલ્કતના મિલકતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ ધ્વારા નોટીસનો અમલ કરવામાં નહિ આવતા અત્રેથી તા.૧૦/૦૭/૨૦૨૪ ના બુધવારના રોજ સદર મિલ્કતના ૦૭ ફ્લેટમાં વસવાટ કરતા રહીશોને ખાલી કરવામા આવેલ છે, તથા સદર ગ્રાઉન્ડ + ચાર માળની મિલ્કતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ૦૮ દુકાનો તથા બાકીના ફ્લોરો પર કુલ ૮૮ ફ્લેટો સીલ મારવામાં આવેલ છે.

(૨) સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ વિસ્તાર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(પારડી કણદે-સચીન-કનસાડ), ફા.પ્લોટ નં.૧૬૭/એ, બ્લોક નં.૨૦૨ પૈકી ૩૨૬૮/૧ થી ૩૨૬૮/૧૩, ગ્રાઉન્ડ ફ્લોર + ૨ માળવાળી, શ્રી જલારામ એપાર્ટમેન્ટ, દિવાનનગર, સચીન, સુરત વાળી મિલકત જર્જરીત/બિસ્માર અવસ્થામાં હોવાનું જણાતા અત્રેથી તા. ૦૧/૦૨/૨૦૨૪ થી ધી.જી.પી.એમ.સી.એકટ ની કલમ-૨૬૪ મુજબની મકાન રીપેર કરવા તેમજ રીપેર થયા બાદ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેનું સર્ટીફિકિટ રજુ કરવા નોટીસ પાઠવવામાં આવેલ છે. જે અન્વયે મિલકતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ ધ્વારા નોટીસનો અમલ કરવામાં ન આવતા  તેમજ મિલ્કત વધુ જર્જરીત/ બિસ્માર જણાતા તા.૧૦/૦૭/૨૦૨૪ ના રોજ સદર મિલ્કતના ૦૧ ફ્લેટમાં વસવાટ કરતા રહીશોને ખાલી કરવામા આવેલ છે, તથા સદર ગ્રાઉન્ડ + બે માળની મિલ્કતમાં આવેલ કુલ ૧૩ ફ્લેટો સીલ મારવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૧૪
તા.૧૦/૦૭/૨૦૨૪